


શહેરના સુપ્રસિદ્ધ જય અંબે પરિવારને ૩૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે આ નિમિત્તે આગામી દિવાળી-નૂતન વર્ષના મંગલમય પ્રારંભે ''ત્રિદશાબ્દી ભક્તિ વંદના મહોત્સવ તથા શિવશક્તિ મહાયાગ'' થકી ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિરાટ મહોત્સવમાં આનંદનો ગરબો, લોક ડાયરો, રાસ-ગરબા, સુંદરકાંડ, તુલસી વિવાહ, છપ્પન ભોગ અન્નકૂટ, રક્તદાન શિબિર જેવા અનેક ધાર્મિક-સાંસ્કૃતિક અને સામાજિક કાર્યોનો ત્રિવેણી સંગમ યોજાશે. ત્રિદશાબ્દી ભક્તિ વંદના મહોત્સવના સુચારૂ આયોજન માટે આજે સે. ૧૨ના ડૉ. આંબેડકર હોલ ખાતે પરિવારની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે ગાંધીનગર કલ્ચરલ ફોર્મના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સેકટર-૬ અપના બજાર ખાતે વરસાદી પાણી ભરાતા રોગચાળોનો ભય

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર શહેરમાં હજુ તો ચોમાસાની સિઝનની શરુઆતનો તબક્કો છે.તેમ છતા શહેરમાં ઘણા વિસ્તારમાં પાણી ભરાઈ જવાની સમસ્યા સામે આવી છે. ગાંધીનગર શહેર ગ્રીનસીટી તરીકે જાણીતુ હતું નિકાલના અભાવે પાણીના ખાબોચીયા ભરાઈ રહેવા પામ્યા છે. શહેરના સેકટર-૬ અપના બજાર ખાતે છેલ્લા પાંચ દિવસથી પાણીના ખાબોચીયા ભરાઈ રહેલા નજરે પડ્યા છે. આ પાણીના ખાબોચીયાને પગલે ગંદકી જોવા વિદ્યાર્થીઓના માથે રોગચાળાનો ખતરો મંડરાઈ રહ્યો છે. હોટલ-હોસ્પિટલ અને ખાણી-પીણી બજાર પણ આવેલું છે. પાણીના ખાબોચીયાને પગલે રોગચાળાનો ભય નાગરીકોને સતાવી રહ્યો છે. ગંદકીને પગલે પર્યાવરણ



પરંતુ હવે દરેક નાગરીકની ઈચ્છા છે કે ગાંધીનગર સ્માર્ટ સીટી બને તેવી અપેક્ષા છે. શહેરમાં થોડા સમય પહેલા જ સામાન્ય વરસાદ વરસ્યો હતો , આ વરસાદને પગલે ઠેરઠેર પાણી ભરાઈ ગયા છે. ચોમાસાની સિઝનનો આ પ્રારંભિક તબક્કો છે ત્યારે આવી સ્થિતિ ઉભી થવા પામી છે. પાણીના યોગ્ય મળી રહી છે. જેનો પગલે વિદ્યાર્થીઓ આવન-જાવનમાં તેમજ વાહન પાર્કીંગમાં ખુબ જ મોટી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સેકટર-૬ એ ખાતે અપના બજાર ખાતે સવારથી સાંજ સુધીમાં એક હજારથી વધુ વિદ્યાર્થીઓ આવન જાવન કરતા હોય છે. ત્યારે પાણી ભરાઈ રહેતા ગંદકીને પગલે અને નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે ત્યારે નાગરીકોના સ્વાસ્થયને ધ્યાને રાખીને તંત્રએ પુરતી તકેદારી રાખવી અનિવાર્ય બની ગઈ છે. ત્યારે સેકટર-૬ અપના બજારના ખાબોચીયા ઝડપી દુર કરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

# આજે કર્મચારી સંગઠ્ઠનો સાથે ડીડીઓની બેઠક

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વિવિધ કર્મચારી સંગઠ્ઠનો સાથે આજે જિલ્લા વિકાસ અધિકારીએ ખાસ બેઠકનું આયોજન કર્યુ છે.

પંચાયત સંવર્ગના જુદા જુદા કર્મચારી સંગઠ્ઠનોના પડતર પ્રશ્નો અંગે આ બેઠકમાં પરામર્શ કરાશે ખાસ કરીને જિલ્લા કક્ષાએ કયા પ્રશ્નો પડતર છે.

પંચાયતના કર્મચારી સંગઠ્ઠનોને એક સાથે ચર્ચા માટે આમંત્રણ આપવામાં આવ્યુ છે. ઘણા લાંબા સમય પછી જિલ્લાકક્ષાએ કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે બેઠક યોજવામાં આવી રહી છે.

સંગઠ્ઠનોએ તેમની રજુઆતોને લઈ તૈયારીઓ આરંભી દીધી છે. લગભગ ૬ થી વધુ કર્મચારી સંગઠ્ઠનના હોદ્દેદારો આ બેઠકમાં ભાગ લેનાર છે.

બપોરે બારના ટકોરે આ બેઠક આરંભાશે. મળતી વિગતો પ્રમાણે બઢતી-બદલી, ઉચ્ચત્તર પગારના લાભ સમયસર મળતા નથી. નિવૃતિના સમયે રજા પગાર ચુકવવામાં આવે, ખાતાકીય તપાસના કેસો, શાળાઓમાં શિક્ષકોની વધ-ઘટ, ખાલી જગ્યાઓ સહિતના પ્રશ્નો આ બેઠકમાં રજુ થાય તેવી શક્યતાઓ છે.

આ બેઠકને લઈ કર્મચારીઓમાં પણ એક ઉત્તેજનાના માહોલ જોવા મળી રહ્યો છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી રાવલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનીષાબેન પટેલ પણ ઉપસ્થિત રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

# મેરી આવાઝ સુનો કરાઓકે ક્લબના ઓડિશન યોજાયાં

ગાંધીનગર, તા. ૨૩

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ આયોજિત ''મેરી આવાઝ સુનો'' કરાઓકે ક્લબ દ્વારા શહેરના અનુભવી-બિન અનુભવી ગાયકોના કરાઓકે ટ્રેક શૉનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં નિઃશુલ્ક ઓડિશન માટે શહેરના યુવા તથા વરિષ્ઠ પુરૂષ-મહિલા ગાયકોએ તેમના પરફોમન્સ પ્રસ્તુત કર્યા હતા.

# લેકાવાડા ગામમાં સાબરમતી નદીના કોતરોમાંથી વિદેશી દારુ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા ગામની સાબરમતિ નદીના કિનારે કોતરોમાંથી ચિલોડા પોલીસે ૭૯ નંગ વિદેશી દારુની બોટલો ઝડપી પાડી છે. ચિલોડા પોલીસે રૂ. ૨૫,૦૧૦નો મુદ્દામાલ કબ્જે કરી રાજુ જુજારસિંહ વાઘેલા સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા પોલીસના પીએસઆઈ વી.એમ.દેસાઈ તેમજ સ્ટાફના માણસો પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન અ.હે.કો. જયેન્દ્રભાઈ ડાહ્યાભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે લેકાવાડા ગામમાં રહેતો રાજેન્દ્રસિંહ જુજારસિંહ વાઘેલા લેકાવાડા ગામમાં નદીના કોતરોમાં વિદેશી દારુ સંતાડીને ચોરી છુપીથી વેપાર કરે છે. જેને પગલે પોલીસે રેઈડ પાડીને જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારુની બોટલ નંગ-૭૯ ની કુલ કિં.રૂ. ૨૫,૦૧૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જયારે રેઈડ દરમિયાન વેપારી રાજેન્દ્રસિંહ વાઘેલા હાજર મળી આવ્યો નથી. પોલીસે રાજેન્દ્રસિંહ વિરુધ્ધ પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૩

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ૭મુ જીવનસાથી




પસંદગી સંમેલન યોજાયુ હતુ. કાર્યક્રમમાં સમાજના યુવક-યુવતીઓ તથા તેમના માતા-પિતાએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાતના પ્રમુખ જગદીશભાઈ દવે, પ્રદિપ રાવલ, અનિલભાઈ શુકલ, આશીષભાઈ દવે, ધારણીબેન શુકલ, અશ્વિનભાઈ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર બ્રહ્મસમાજ પ્રમુખ પિનાકીનભાઈ રાવલ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સમાજના મહામંત્રી નરેશભાઈ દવે દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં નરેન્દ્ર વ્યાસ, મુકેશભાઈ શુક્લ, જયશ્રીબેન ખેતીયા, તપન ત્રિવેદી, મેહુલ દવે, પુનમ ભટ્ટ, ચિંતન ભટ્ટ, નિલાબેન શુક્લ, માનસી શુક્લ, રાજેન્દ્રભાઈ રાજગુરૂ, મંથન ભટ્ટ, બાલક્રિષ્ના જોષી, ક્રિષ્ણા રાવલ તથા સમાજના બાકીના સભ્યોએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

# સે-૧૧માં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતો સટ્ટોડીયો ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં ક્રિકેટ ફીવર જામ્યો છે, ક્રિકેટના વર્લ્ડ કપના પગલે બુકી અને સટ્ટોડીયા સહિત પંટ્ટરો સક્રિય થઈ ગયા છે. હાલના સમયે બુકીઓ હાઈટેક બની ગયા છે. ઓનલાઈન સટ્ટો રમાડતા અને રમતા હોવાથી પોલીસ માથે પણ મુંજવણનો વિષય બની જાય છે. ત્યારે સેકટર-૧૧ ખાતેથી લાઈવ મેચ પર સટ્ટો રમાડતા વાવોલના સટ્ટોડીયાને સેકટર-૭ પોલીસના સર્વેલન્સ સ્કવોડની ટીમે ઝડપી પાડ્યા છે. પોલીસે સટ્ટોડિયા પાસેથી મોબાઈલ ફોન તેમજ રોકડ મળી કુલ રૂ. ૨૪,૧૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસનો સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ તેમની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૧૧ માં અભિષેક કોમ્પ્લેક્ષમાં આવેલ શ્રીજી પાન પાર્લર દુકાનમાં મોબાઈલ ફોન પર આર. બી. એકસાસીએચ એપ્લીકેશનથી લાઈવ ઈન્ડીયા વીથ અફઘાનીસ્તાન ક્રિકેટ મેચ પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડતા મનીષ જયંતિલાલ પટેલ રહે. વાવોલ ,તા.જી.ગાંધીનગર ને પકડી પાડી મોબાઈલ ફોન કિં.રૂ. ૧૦,૦૦૦ તેમજ અંગઝડતી માંથી રોકડ રૂ.૧૪સ૧૫૦ એમ કુલ રિ. ૨૪,૧૫૦ ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી પીએસઆઈ ડી.એસ. રાઓલ વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત ફર્સ્ટના સરકારી દાવા નિષ્ફળ જાય છે; સ્ટાર્ટઅપમાં પણ બીજા રાજ્યો આગળ નિકળ્યા

ગુજરાત ફર્સ્ટ - એવા શબ્દો આપણને ૨૦૦૨ થી ૨૦૧૪ના વર્ષો દરમ્યાન જોવા મળ્યા હતા જ્યારે મોદીએ ગુજરાતનો વિકાસ પંચશક્તિના માધ્યમથી કર્યો હતો. તેમણે ૧૩ વર્ષના શાસનમાં જન, જળ, ઉર્જા, રક્ષા અને જ્ઞાન શક્તિની તર્જ પર કામ કર્યું છે. એ ઉપરાંત તેમણે ઔદ્યોગિક વિકાસની સાથે સોલાર પાવર, મેડીકલ, પેટ્રોકેમ, ટુરિઝમ, કૃષિ, રોજગાર જેવા સેકટરોમાં પણ રાજ્યને દેશમાં નંબર વન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. હવે અચાનક ગુજરાતને શું થયું છે કે આપણે એક પછી એક ક્ષેત્રમાં પહેલો નંબર ગુમાવી રહ્યાં છીએ. નવ-નવ વાયબ્રન્ટ સમિટ પછી પણ આપણે ઔદ્યોગિક વિકાસમાં બીજા રાજ્યો કરતાં પાછળ છીએ. આપણે સોલારનું સ્થાન ગુમાવ્યું છે. પાડોશી રાજ્ય રાજસ્થાન આપણાંથી આગળ નિકળી ચૂક્યું છે. ઔદ્યોગિક વિકાસમાં મહારાષ્ટ્ર, તામિલનાડુ, દિલ્હી, આંધ્રપ્રદેશ સહિતના રાજ્યો આપણને આગળ આવવા દેતા નથી. કૃષિ સેક્ટરમાં પણ બીજા રાજ્યો ક્રાન્તિ કરી રહ્યાં છે. આપણી પાસે અમૂલ બ્રાન્ડ હોવા છતાં દૂધના ઉત્પાદનમાં પણ આપણે પાછા પડ્યા છીએ. હવે દેશમાં પહેલી પોલિસી બનાવ્યા છતાં સ્ટાર્ટઅપ

## ઇન્દિરા ગાંધીનો કટોકટી કાળઃ કોંગ્રેસ ભૂલવા માગે છે પરંતુ ભાજપના નેતાઓ બ્લેક-ડે ને જીવંત રાખે છે

મિશનમાં આપણે છઠ્ઠો નંબર લાવ્યા છીએ. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી એન્ડ પ્રમોશન દ્વારા જે રેન્ક આપવામાં આવ્યા છે તેમાં દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં શરૂ થયેલા ૧૪૫૬૫ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટો પૈકી મહારાષ્ટ્ર ૨૭૮૭ સાથે પ્રથમક્રમે છે. બીજાક્રમે ૨૧૦૭ સાથે કર્ણાટકા, ૧૯૪૯ સાથે ત્રીજાસ્થાને દિલ્હી, ૧૨૦૧ સાથે ચોથાક્રમે ઉત્તરપ્રદેશ અને ૭૬૫ સાથે હરિયાણા પાંચમાક્રમે છે. અહેવાલના સમયગાળા દરમ્યાન ગુજરાતમાં માત્ર ૭૬૪ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ શરૂ થયા છે. સરકારી દાવાને નિષ્ફળ જતાં અટકાવી ગુજરાત સરકારે બીજા રાજ્યો સાથે તંદુરસ્ત સ્પર્ધા કરવાનો સમય આવી ગયો છે.

**ગુજરાતનું આરોગ્ય મહેકમ કથળી રહ્યું છે...**

ગુજરાતમાં ૯૧૫૩ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૪૭૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૬૩ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ગામડાના ગરીબ દર્દીઓની સારવાર થાય છે પરંતુ આરોગ્ય વિભાગ પાસે આ કેન્દ્રોને નિભાવવા માટેનો પુરતો સ્ટાફ નથી. આરોગ્યના આંકડા ચોંકાવનારા સામે આવ્યા છે. આ તમામ કેન્દ્રોમાં ૧૦૬૨૭ મહિલા આરોગ્ય વર્કરની જરૂરિયાત છે પરંતુ હાલની સ્થિતિએ માત્ર ૮૩૪૦ વર્કર છે. એવી જ રીતે પુરૂષ આરોગ્ય વર્કરની ૯૧૫૩ જગ્યાઓ સામે ૭૭૫૫ નિયુક્ત થયેલા છે. બન્ને મળીને કુલ ૪૬૮૫ જગ્યાઓ ખાલી છે. રાજ્યના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૧૮૬૫ ડોકટરોની ભરતી કરવા માટે મંજૂરી આપવામાં આવેલી છે છતાં ૫૪૪ ડોક્ટરોની ઘટ છે. એટલે કે ૩૦ ટકા ડોકટરો ઓછા છે, જ્યારે સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ૩૬૩ સર્જનની સામે માત્ર ૩૧ ની ભરતી થયેલી છે, એટલે કે ૯૧.૪૬ સર્જનની ઘટ છે. આશ્ચર્યની બાબત એવી છે કે મહિલા પ્રસૂતિ માટે ડોકટરોની જરૂરિયાત ૩૬૩ છે પરંતુ ૩૧૫ જગ્યાઓ ખાલી છે. રાજ્યમાં અડધી વસતી મહિલાઓની હોવા છતાં સ્ત્રી પ્રસૂતિ અને મહિલા રોગના નિષ્ણાંતો સરકારને મળતા નથી. બીજી તરફ પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ૪૩૯૧ નસલ્લગ સ્ટાફની જગ્યા મંજૂર થયેલી છે છતાં ૧૨૩૧ની ભરતી થઈ નથી. રાજ્યના ૧૦૦ કેન્દ્રો એવા છે કે જ્યાં ડોક્ટર જ નથી. સરકારના આ કેન્દ્રોમાં રેડિયોગ્રાફર, ફાર્માસિસ્ટ, લેબટેકનિશિયન, હેલ્થ વર્કર અને નર્સની સંખ્યામાં છેલ્લા એક વર્ષમાં ઘટાડો થયો છે, એટલે કે સરકારી નોકરી છોડીને આ સ્ટાફ ખાનગી જગ્યાએ સિફ્ટ થયો છે.

**ગુજરાતના ખેડૂતોને આજે પણ કપાસ પ્રિય છે...**

ચોમસાસા આગમન પછી ગુજરાતમાં ખરીફ પાકના વાવેતરની શરૂઆત થઈ ચૂકી છે પરંતુ અત્યાર સુધીમાં રાજ્યમાં માત્ર ૨.૪૪ ટકા વિસ્તારમાં વાવણી થઈ છે. રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષનો નોર્મલ વાવેતર વિસ્તાર ૮૪.૭૬ હેક્ટર છે જે પૈકી આ

## નવા સચિવાલયમાં સ્વિગી અને જોમેટો નહી, બાકીની ઓફિસમાં કર્મચારીઓને ઓનલાઇન ફુડના જલસા

સમયગાળામાં ગયા વર્ષે ૨.૨૫ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું હતું પરંતુ આ વર્ષે ૨.૦૭ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. કૃષિ વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે વાવણી કરવાના સમયગાળામાં રાજ્યમાં ધાન્ય પાકોમાં ૧૩.૫૯ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થાય છે જેમાં ડાંગર, બાજરી, જુવાર અને મકાઈનો સમાવેશ થાય છે. કઠોળ પાકો જેવાં કે તુવેર, મગ, મઠ અને અડદમાં ૫.૭૯ લાખ હેક્ટર વિસ્તાર સમાવવામાં આવે છે. રાજ્યના ખેડૂતો તેલીબિયાં પાકો જેવાં કે મગફળી, તલ, દિવેલા અને સોયાબીનમાં ૨૩.૮૩ લાખ હેક્ટરમાં વાવેતર કરતા હોય છે. એ ઉપરાંત અન્ય પાકો જેવાં કે કપાસ, તમાકુ, ગુવાર, શાકભાજી અને ઘાસચારો વાવવામાં ૪૧.૬૦ લાખ હેક્ટર જમીન વાપરતા હોય છે. રાજ્યની જમીનમાં ખેડૂતો સૌથી વધુ ૨૫.૮૬ લાખ હેક્ટર જમીન કપાસ માટે અને






૧૫.૭૦ લાખ હેક્ટર જમીન મગફળી માટે વાપરતા હોય છે. આજે પણ ખેડૂતો કપાસના પાકને રોકડિયો પાક માની રહ્યાં છે.

**ઇમરજન્સી - કોંગ્રેસ ભૂલવા માગે છે, ભાજપ કદી નહીં...**

ભારતના ઈતિહાસમાં ૨૧ મહિના સુધીનો લાંબો સમય એવો હતો કે જ્યારે વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની સલાહ પ્રમાણે રાષ્ટપતિ ફખરૂદ્દીન અલી અહમદે ભારતીય સંવિધાનની ધારા ૩૫૨ અંતર્ગત કટોકટી કાળ (ઈમરજન્સી) ની ઘોષણા કરી હતી. જો કે તેના પરિણામ ઈન્દિરા ગાંધીએ ૧૯૭૭માં ભોગવવા પડ્યા હતા. ૨૫ જૂન ૧૯૭૫ની મધરાતે લદાયેલી ઈમરજન્સી ૨૧ માર્ચ ૧૯૭૭ સુધી ચાલી હતી. લાલબહાદુર શાસ્ત્રીના મોત પછી વડાપ્રધાન બનેલા ઈન્દિરા ગાંધીને ન્યાયપાલિકા સાથે અથડામણો થઈ હતી. ઈન્દિરાને પહેલો ઝટકો ત્યારે લાગ્યો કે જ્યારે, ૨૭મી ફેબ્રુઆરી ૧૯૬૭ના રોજ સુપ્રીમ કોર્ટનો ફેસલો હતો કે સંસદમાં બે તૃતિયાંસ બહુમતિ સાથે કોઈ સંવિધાન સંશોધન દ્વારા મૂળભૂત અધિકારીઓની જોગવાઈને ખતમ કરી શકાય નહીં. જો કે આ ચૂકાદા પછી ૧૯૭૧માં આવેલી લોકસભાની ચૂંટણીમાં ઈન્દિરા ગાંધીએ કોંગ્રેસને મોટી જીત અપાવી હતી, પરંતુ ઈન્દિરાની જીત સામે તેમના પ્રતિદ્વંધી રાજનારાયણે રાયબરેલી લોકસભા સીટ પર આરોપ લગાવ્યો હતો કે ઈન્દિરાએ ચૂંટણી જીતવા માટે ખોટી રીતનો ઉપયોગ કર્યો હતો. આ કેસની સુનાવણીમાં ઈન્દિરા ગાંધીની ચૂંટણી રદ કરવામાં આવતાં ઈન્દિરા ગાંધીને વડાપ્રધાન પદ પર ટકી રહેવા સામે મુશ્કેલી વધી હતી. ઈન્દિરા ગાંધી તો રાજીનામું આપવા તૈયાર થયા હતા પરંતુ સંજય ગાંધીએ તેમને રોક્યા હતા. ૨૫ જૂન ૧૯૭૫-- એ આઝાદ ભારતના ઈતિહાસમાં કાળા દિવસ તરીકે ઓળખાય છે. આ દિવસો કોંગ્રેસના નેતાઓ ભૂલવા માગે છે પરંતુ ભાજપના નેતાઓ વારંવાર ૨૫મી જૂનને યાદ કરીને દેશની નવી પેઢીને આ કાળા દિવસોની યાદ અપાવતા રહ્યાં છે.

**રાજ્યમાં ૨૦૦૨ સુધી ફુલોનું ઉત્પાદન શૂન્ય...**

ગુજરાતમાં ખેડૂતો સામાન્ય રીતે ફુલોની ખેતી કરતાં ગભરાઈ રહ્યાં છે, કારણ કે તેમનું ઉત્પાદન બગડી જવાની સંભાવના વધારે હોય છે પરંતુ જ્યારથી કટ ફ્લાવર અને લાંબા સમય સુધી સંગ્રહી શકાય તેવા ફુલોની ખેતીનું ચલણ વધ્યું છે ત્યારથી ખેડતોએ ફુલોની ખેતીમાં પગરણ માંડ્યા છે. રાજ્યમાં ૨૦૦૨ના વર્ષ સુધી ખેડૂતોને ફુલોની ખેતીની પદ્ધતિ, તેની ઉપજ અને બજાર અંગે કોઈ ખ્યાલ ન હતો. કેટલાક ખેડૂતો પૂજા માટેના ફુલોનું ઉત્પાદન કરતાં હતા પરંતુ રાજ્યની એવરેજમાં તેની ગણતરી થઈ શકતી ન હતી. કૃષિ તજજ્ઞોએ ખેડૂતોને ફુલોની ખેતી કરવા માટે પ્રેરણા આપતાં ખેડૂતો હવે ધીમે ધીમે ફુલોનું ઉત્પાદન કરતા થયા છે. રાજ્યના બાગાયતી વિભાગના આંકડા પ્રમાણે ૨૦૦૩ના અંતે રાજ્યમાં ૪૯૨૦ હેક્ટરમાં ૨૯.૦૪ મેટ્રીક ટન ફુલોનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું, જે ગુજરાતના કૃષિ ઈતિહાસમાં પહેલીવાર જોવા મળ્યું છે. આ વર્ષ પછી ફુલોના ઉત્પાદનમાં વધારો થતો ગયો છે. ખેડૂતોને ફુલપાકના દામ મળતાં આજે રાજ્યમાં ફુલોના ઉત્પાદનનો વિસ્તાર વધીને ૨૦૩૮૦ હેક્ટર થયો છે અને ૧૯૩૦૦૦ મેટ્રીક ટન ફુલોનું ઉત્પાદન નોંધાયું છે. રાજ્યમાં

## ફુલોની ખેતીમાં ૨૦૦૨ સુધી શૂન્ય ઉત્પાદન - મોદીના શાસન પછી ફુલ ઉત્પાદનના આંકડા વધતા ગયા છે

સામાન્ય રીતે ફુલોનું ઉત્પાદન નવસારી, વડોદરા, સુરત, અમદાવાદ, આણંદ, ભરૂચ, વલસાડ, કચ્છ, ખેડા દાહોદ, છોટા ઉદેપુર અને ગાંધીનગર વિસ્તારમાં જોવા મળે છે. કૃષિ બાગાયત નિયામકના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં ૨૦૨૨ સુધીમાં ફુલપાકોનો વાવેતર વિસ્તાર ૫૦ હજાર હેક્ટર સુધી લઈ જવાનો સરકારનો લક્ષ્યાંક છે.

**ઓનલાઇન ફુડ—સોરી, તમે નહી મંગાવી શકો...**

સચિવાલયમાં આવેલી સરકારી કચેરીઓમાં ઓનલાઈન ફુડની કંપનીઓ જેવી કે સ્વિગી અને જોમેટો માટે મુસિબત બની છે, કેમ કે આ બન્ને ફુડ પ્રોવાઈડરોના ડિલિવરી બોય પરેશાન થઈ ગયા છે. કોઈ કર્મચારી આ એપ્લિકેશનમાં ફુડનો ઓર્ડર આપ્યા પછી ઘણાં લાંબા સમય પછી આવતું હોવાથી ગરમ ભોજન ઠંડુ થઈ ચૂક્યું હોય છે. સચિવાલયના સલામતી રક્ષકો વચ્ચે ફયાયેલા ફુડની હાલત દયાજનક હોય છે. સ્વિગી અને જોમેટો પર નોંધાયેલું ફુડ ડિલિવરી બોય સીધો ઓફિસમાં આવીને આપી જતો નથી તેથી કર્મચારીને ઓર્ડર આપ્યા પછી સચિવાલયના ગેઈટ સુધી આવવું પડે છે, અન્યથા તે ફુડ ફેંકી દેવું પડે છે. સચિવાલયમાં ગાંધીનગરની એકમાત્ર સ્વિટમાર્ટને જ પરમીશન આપવામાં આવેલી છે. તમામ બેઠકોમાં આ જ સ્વિટમાર્ટનો નાસ્તો આવે છે. બન્ને ઓનલાઈન ફુડના ડિલિવરી બોયને સચિવાલયમાં ફરવાનો અધિકાર નથી. સચિવાલયની કેન્ટીન અને મીનાબજારની ખાણીપીણીથી કંટાળેલા કર્મચારીઓને ચટપટું ખાવાનો શોખ જાગે છે પરંતુ તેઓ મહા મહેનતે ખાઈ શકે છે. તેમને ડિલિવરી લેવા માટે સચિવાલયના ઝાંપા સુધી જવું પડે છે, જો ન જાય તો સલામતી રક્ષકો ત્રણ જગ્યાએ ફુડ પેકીંગ ખોલીને બધું સ્કેન કરતા હોય છે. જો કે આ નિયંત્રણો સલામતીના કારણોસર માત્ર નવા સચિવાલયમાં રાખવામાં આવેલા છે. જૂના સચિવાલયના કર્મચારીઓ બિન્દાસ સ્વિગી અને જોમેટોમાંથી ફુડ મંગાવી શકે છે. એ ઉપરાંત ઉદ્યોગ ભવન, ખેત ભવન કે બોર્ડ-કોર્પોરેશનની કચેરીમાં કોઈપણ કર્મચારી આસાનીથી આ ફુડ મંગાવી શકે છે...